**ક્રિમિનલ કેસ નંબરઃ૨૪૫૫૪/૨૦૨૧**
**આંક-૧ લગત હુકમ**

આ કામના **આરોપી/આરોપીઓ** વિરુધ્ધ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે **ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, ૨૬૯ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ-૫૧-બી તથા જી.પી.એકટ કલમ-૧૩૫** મુજબના ગુના સબબની ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટનું સંજ્ઞાન લઇ આરોપીને સમન્સ કાઢતા તેઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. આરોપીએ પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ આરોપીએ પોતાને ગુનો કબુલ છે તેવું જાહેર કરતી સ્વૈચ્છાએ પુરસીસ રજુ કરેલ છે. આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાઇ આવતું હોવાથી તેની ગુના કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપી મહંમદઉમર ગુલામમહંમદ કુરેશીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે આરોપીની ગુના કબુલાતના આધારે **ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, ૨૬૯ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ-૫૧-બી તથા જી.પી.એકટ કલમ-૧૩૫** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**વડોદરા.**
**તારીખ-૧૦.૦૭.૨૧**

-----------------------
**(એડી.જ્યુડી.મેજી.ફ.ક., વડોદરા)**
**જીજે૦૧૧૭૬**

**સજા અંગે સાંભળ્યા,** આરોપીએ પોતે અનિવાર્ય કારણસર બહાર નિકળેલાનો અને પોતાને કોઇ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું જણાવેલ છે. આરોપીએ ભુલથી જાહેરનામાનો ભંગ કરેલ છે તેવું જણાવેલ છે. આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ હોવાથી કાયદામાં નિર્દિષ્ટ પુરેપુરી સજા નહિ પરંતુ આરોપીને તેઓની સામેના ગુનાનો પ્રકાર વિગેરે ધ્યાને રાખી ઓછામાં ઓછી સજાનો હુકમ કરવાનું યોગ્ય જણાય છે અને સજા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપી મહંમદઉમર ગુલામમહંમદ કુરેશીને **ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, ૨૬૯ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ-૫૧-બી તથા જી.પી.એકટ કલમ-૧૩૫ ના ગુના સબબ રૂ.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરાનો)** દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો સદરહુ દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેને **દિન-૩** ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**વડોદરા.**
**તારીખ- ૧૦.૦૭.૨૧**

-----------------------
**(એડી.જ્યુડી.મેજી.ફ.ક., વડોદરા)**
**જીજે૦૧૧૭૬**